# એકમ–6 નાણાંકીય સંસાધનો FINANCIAL RESOURCES

: રૂપરેખા :

6.0 ઉદ્દેશ
6.1 પ્રસ્તાવના
6.2 સાર્વજનિક ગ્રંથાલયના નાણાં : સ્રોતો અને અભિગમો
 6.2.1 સાર્વજનિક ગ્રંથાલયના નાણા વિષયક અભિગમો
 6.2.2 સાર્વજનિક ગ્રંથાલયના નાણાંના સ્રોત
6.3 ભારતમાં સાર્વજનિક ગ્રંથાલયના નાણા : નાણાકીય પદ્ધતિઓ
 6.3.1 કાયદાકીય પધ્ધતિ
 6.3.2 બિનકાયદાકીય પધ્ધતિ
6.4 ભારતમાં સાર્વજનિક ગ્રંથાલયના નાણા : પ્રવર્તમાન પરિસ્થિતિ
 6.4.1 કેન્દ્ર સરકાર
 6.4.2 રાજ્ય સરકાર
 6.4.3 સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા લેવાયેલ પગલાં
6.5 સારાંશ
6.6 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો
6.7 ચાવીરૂપ શબ્દો
6.8 સંદર્ભો અને વિશેષ વાચન પરિશિષ્ટ અ અને બ

## 6.0 ઉદ્દેશો (OBJECTIVES)

◆ **આ એકમના અધ્યયન પછી તમે આ બાબતથી સમક્ષ બનશો**

- સાર્વજનિક ગ્રંથાલયના જુદા જુદા નાણાંના સ્રોતોની વૈશ્વિક વિચારધારાઓ જાણશો.,
- ભારતમાં સાર્વજનિક ગ્રંથાલયના વિકાસ માટે પ્રચલિત નાણાંકીય વ્યવસ્થાને સમજશો,અને
- ભારતમાં સાર્વજનિક ગ્રંથાલયની પ્રર્વતમાન નાણાં વિષયક પરિસ્થિતિ સમજશો.

## 6.1 પ્રસ્તાવના (INTRODUCTION)

સાર્વજનિક ગ્રંથાલયો જુદી જુદી છટા અને રંગોમાં અસ્તિત્વ ધરાવે છે. પબ્લિક લાયબ્રેરી મેનિફેસ્ટો 1994માં જણાવ્યા પ્રમાણે,સાર્વજનિક ગ્રંથાલયનું સંચાલન અને નિભાવ સ્થાનિક અથવા રાષ્ટ્રિય સત્તામંડળો દ્વારા થવી જોઈએ. ઉપભોકતાઓને અનિવાર્યપણે કોઈપણ પ્રકારની ફી સિવાય ઉપયોગ કરવા દેવો અને સંપૂર્ણ રીતે સ્થાનિક અને રાષ્ટ્રિય સરકાર મારફત નાણાં મળવાં જોઈએ સાર્વજનિક ગ્રંથાલયની આ પ્રકારની રચનાએ ગ્રંથાલયની શુધ્ધ રચનાનું સ્વરૂપ ગણાશે. બીજું એક સ્વરૂપ એ સાર્વજનિક ગ્રંથાલયની મિશ્રરચનાનું છે, જ્યાં શુધ્ધ સાર્વજનિક ગ્રંથાલયની રચના (સરકારી ગ્રંથાલયો) અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચલાવાતા ગ્રંથાલયો (પસંદગીયુકત માન્ય/ સહાય દ્વારા ગ્રંથાલયોના વિકાસમાં ભાગીદાર તરીકે) સહઅસ્તિત્વ ધરાવે છે. તેને સાર્વજનિક ગ્રંથાલયનું મિશ્ર સ્વરૂપ કહી શકાય છે.

સાર્વજનિક ગ્રંથાયલોનું સંચાલન અંગત આરંભથી છે મદદ સહાય અથવા સરકારની નહિ આવકના સ્રોત તરીકે ઉપભોકતામાં પાસેથી નામનું લવાજમ લેવામાં આવે છે. ભારતમાં આવા સ્વરૂપના ગ્રંથાલયો કાર્યરત છે. આ પરિસ્થિતિમાં જ્યાં જુદા જુદા સ્વરૂપના અને પધ્ધતિના ગ્રંથાલયોનો વિકાસ કરવામાં આવે છે, તેમની નાણાંકીય એકસૂત્રતા કોઈ અપેક્ષા રાખી શકાય નહિં આ તમે જોઈ શકશો કે ભારતમાં સાર્વજનિક ગ્રંથાલયોમાં નાણાંકીય વ્યવસ્થા વિવિધ પ્રકારે કાર્યરત છે

## 6.2 સાર્વજનિક ગ્રંથાલયના નાણાં : અભિગમો અને સ્રોતો (PUBLIC LIBRARY FINANCING : APPROCHES AND SOURCES)

### 6.2.1 સાર્વજનિક ગ્રંથાલયના નાણાં વિષયક અભિગમો (Approches to Public LibraryFinancing)

સમુદાયના વધુમા વધુ સામાજીક સાંસ્કૃતિક અને શૈક્ષણિક ધ્યેયો સિધ્ધ કરવાના આશયથી સાર્વજનિક ગ્રંથાલયમાં પ્રાથમિક સ્તરે નાણાંકીય વહેવારની ફાળવણી અને સંચાલન ગ્રંથાલયના ભંડોળમાંથી થાય છે તેથી કરીને, સાર્વજનિક ગ્રંથાલયને નાણા જોગવાઈ તેમની અન્ય ખાસિયતોના મૂલ્યાંકનના આધારે કરવી જોઈએ. નીચેના આ અભિગમો માટે રસ્તો ખૂલ્લો કરે છે :

(i) ગ્રંથાલયો ખર્ચ કરતી સંસ્થા છેઃ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા અને પ્રવૃતિઓ ચાલુ રાખવા ગ્રંથાલયોએ આર્થિક વધુને વધુ સંસાધનો ઊભા કરવા તરફ ધ્યાન આપવું પડશે પરંતુ સાર્વજનિક ગ્રંથાલયો તેમાંથી અપવાદ હોઈ શકે.

(iii) ગ્રંથાલયોની નાણાંકીય જરૂરિયાત વધતી જતી છે.ત્યારથી સાર્વજનિક ગ્રંથાલયોએ વધતી જતી માત્રામાં સેવાઓ આપવાનું જરૂરી છે. ગ્રંથાલય સેવાઓની ભૂમિકા ભજવવા માટે આવકના કાયમી સ્રોતની જોગવાઇ પહેલેથી કરવાની જરૂર છે

(ii) ગ્રંથાલયોની નાણાકીય માંગ આવર્તક છેઃ ડૉ.રંગનાથન રચિત ગ્રંથાલય વિજ્ઞાનના પ્રથમ સૂત્ર મુજબ પુસ્તકો, કર્મચારીઓ વગેરેની જરૂરિયાત સતત વધતી જાય છે, તેથી કરીને નાંણાકીય પ્રવાહની જરૂરિયાત વધારવી પડે છે.

### 6.2.2 સાર્વજનિક ગ્રંથાલયના આવકના સ્રોતો (Sources of Public Library Finance)

સાર્વજનિક ગ્રંથાલયની સેવાઓ અને વિકાસના પ્રશ્નો અંગે ઘણા સિદ્ધાંતો આકાર પામ્યા છે. કેટલાક માને છે સ્થાનિક સમુદાય, કે જે લાભાન્વિત છે, તેઓએ સાર્વજનિક ગ્રંથાલયોની આવક વધારવા પોતાનો હિસ્સો આપવો જોઈએ, કેટલાકની દલીલ એવી છે કે સરકારે આ જવાબદારી ઉપાડવી જોઈએ જે બાદ વિશેષ ચર્ચામા જુદી જુદી જવાબદારીઓ સરકારના દરેક સ્તરે ઉપાડવી જોઈએ તે ચાલુ વિચારસરણી છે, વિશેષ કરીને યુ.એસ.એ. માં છે, જ્યાં સાર્વજનિક ગ્રંથાલયની સેવાઓ એ સરકારની તમામ સ્તરે સામૂહિક જવાબદારી છે. તેને એવું લાગે છે કે, સ્થાનિક સત્તામંડળોએ સાર્વજનિક ગ્રંથાલયોને નિભાવવા જોઈએ,જ્યાં જરૂર જણાય ત્યાં રાજ્ય સરકારે અનુદાન આપવું જોઈએ,અને ગ્રંથાલયસેવાના મોભાને ઉન્નત કરવા પૂરક સંસ્થા તરીકે કામ કરવુ જોઈએ. ક્લિફ્ટ અને ક્રિટીક, સૂચવે છે કે 60 ટકા ખર્ચ સ્થાનિક સરકાર પાસેથી મળવું જોઈએ,25 ટકા રાજ્ય સરકાર અને 15 ટકા સંયુકત સરકાર તરફથી મળવું જોઈએ.

બીજુ રસપ્રદ મંતવ્ય રાજ્ય અને મધ્યસ્થ (ફેડરલ) સરકારનું છે તેના વહિવટીના મહત્ત્વ અને નાણાકીય શકિતઓને લીધે, પ્રાંતિય અસમતુલા ફેલાયેલ હોય ત્યારે સ્રોતો અને સારી ગુણવતાયુકત સેવા દુરસ્ત કરવા ઉત્તેજન આપી શ્રેષ્ઠ ભૂમિકા અદા કરવી જોઈએ ગ્રંથાલયોને મરામત કરવાની જવાબદારી સ્થાનિક સંસ્થાઓ ઉપર છોડવી જોઈએ કે જે રાજ્ય સરકારના નાણાંથી સક્ષમ હોય. એસ.આર.રંગનથન -સાર્વજનિક ગ્રંથાલયોને સરળતાથી ચલાવવામાં ત્રણ સ્તરીય સરકારની સામેલગીરી હોવાની તરફેણ કરે છે. તેમના મત મુજબ, જ્યારે સ્થાનિક સતામંડળ સ્થાનિક સરકાર પાસેથી કર સ્વરૂપે (સેસ) આવક મેળવતું હોય ત્યારે, તેઓ પણ રાજ્ય અને મધ્યસ્થ સરકારનાં અનુદાન માટે યોગ્ય છે. સ્થાનિક સરકાર પાસેથી મેળવેલ આવક પુસ્તકો અને બીજા પ્રલેખો માટે ખર્ચ કરવું જોઈએ. પોતપોતાના, કર્મચારીઓ અને મિલકતખર્ચ રાજ્ય અને મધ્યસ્થ સરકાર પાસેથી મેળવવી જોઈએ.

સમુદાયને વિનામૂલ્યે પુસ્તક સેવાઓ પૂરી પાડવામાટે સાર્વજનિક ગ્રંથાલય પધ્ધતિને આવકાર આપવો, વિકાસ અને મરામત કરવી, તેને જરૂરી છે પૂરતું સારું નાણાંકીય રોકાણની સાર્વજનિક ગ્રંથાલયોની સ્થાઈ વૃધ્ધિ અને મરામત માટે કર અને સરકારની મદદ ઉપરાંત કોઈ એક કે બીજા સ્રોતોનો ઉપયોગ પણ કરવો જોઈએ. સાર્વજનિક ગ્રંથાલયના જુદા જુદા આવકના સ્રોતો જે કોઈ તમામનો ચર્ચામાં સમાવેશ છે તે અહિંયા વિસ્તૃત રીતે છે

(i) સરકારી સ્રોતો

એ) સ્થાનિક સંસ્થાઓ

બી) રાજ્ય સરકાર

સી) કેન્દ્ર/ ફેડરલ સરકાર સાથે સંલગ્ન સંસ્થાઓ જેવી કે RRRLF.

(ii) ગ્રંથાલય કર

(iii) સંસ્થા ઉપાર્જિત આવક

એ) પુસ્તકો લઈ જનાર પાસેથી અતિદેય

બી) પુસ્તકો લઈ જનાર પાસેથી ખોવાયાની કિંમત વસૂલાત

સી) ઝેરોક્ષ નકલની આવક

ડી) ભાડે આપેલ સુવિધા/જગ્યાનું ભાડું

ઈ) રોકાણોનું વ્યાજ

એફ) ઊપભોકતા પાસેથી ફી

જી) વિશિષ્ટ સેવાઓ આપવા માટેની ફી

(iv) બચતો

એ) ગ્રંથાલય નેટવર્ક બ) ગ્રંથાલય સહકાર

(v) અન્ય સ્રોતો

અ) ભેટ (બ) ફંડ ઊભા કરવા (ક) સખાવતો અને સ્વૈચ્છિક સ્રોત

આપણે જોયું કે સાર્વજનિક ગ્રંથાલયના આવકના સ્રોતો જુદા જુદા છે. જ્યારે સરકાર નાણાં દ્વારા ગ્રંથોલયો ચલાવે છે. (જે સાર્વજનિક ગ્રંથાલયનું શુદ્ધ સ્વરૂપ છે) કેટલાક જેઓ સરકારના અનુદાન અને બીજા પ્રકારના ભંડોળ આધારિત છે. સાર્વજનિક ગ્રંથાલયના સ્વરૂપને બાદ કરતા તે યાદ રહે કે તેવી મદદ/ સહાય મંજૂર થયેલ હશે જે નાણાંકીય પ્રવાહ કટોકટીના સમયે વર્ષે વર્ષે જુદી જુદી જરૂરિયાતના દબાણમાં બદલાતી રહેશે. તેથી કરીને તેના કરતા જુદી જુદી આવકના સ્રોતો ઉપર આધારિત રહેવું સલામત ગણાશે. હકીકતમાં સાર્વજનિક ગ્રંથાલયની વૃધ્ધિ અને ટકી રહેવાનો આધાર મોટી માત્રામાં તેના આંતરીક પ્રેરકબળો અને બાહ્ય મદદની છે (સાર્વજનિક ગ્રંથાલયના જુદા જુદા આવકના સ્રોતો અને તેને સબંધિત મહત્ત્વનું વર્ણન નમૂના રૂપ અભ્યાસની મદદથી પરિશિષ્ટ અ માં જોઈ શકાશે.

◆ **તમારી પ્રગતિ ચકાસો**

1) સાર્વજનિક ગ્રંથાલયોના આવકના જુદા જુદા સ્રોતો કયા કયા છે ?

2) સાર્વજનિક ગ્રંથાલયના ત્રણ નાણાંકીય અભિગમો જણાવી અને વર્ણવો.

**નોંધ :** (i) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તરો લખો

(ii) એકમને અંતે આપેલા ઉત્તરો સાથે તમારા ઉત્તરો સરખાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 6.3 ભારતમાં સાર્વજનિક ગ્રંથાલય નાણાં : નાણાકીય સાધનોની વ્યવસ્થા (PUBLIC LIBRARY FINANCING IN INDIA : SYSTEMS OF FINANCING) :

ભારત એ આર્થિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક બાબતોમાં વિશાળ વૈવિધ્ય ધરાવતો મોટો દેશ છે. સિધ્ધ કરેલા સિધ્ધાંતે તેની ભાત અને ગ્રંથાલય વિકાસની સ્થિતિ પણ રાજ્યે રાજ્યે અલગ પડે છે. સાર્વજનિક ગ્રંથાલયોની નાણાંકીય બાબતમાં ફેરફાર નથી હકીકતમાં તે ઘણી વિવિધ અને જટિલ છે, જુદા જુદા રાજ્યોના ગ્રંથાલય કાયદાઓ પણ એકસૂત્રતા ધરાવતા નથી. તેના કારણે સત્ય એ છે કે તેવા રાજ્યોએ ગ્રંથાલય અધિનિયમની રચના કરી હોવા છતાં તેમના પોતાના રાજ્યમાં પ્રવર્તમાન સામાન્ય પધ્ધતિઓ સાચવવાનું ખરા સમયે પસંદ કરે છે ભારતમાં સાર્વજનિક ગ્રંથાલયોની નાણાંકીય બાબતોની ઝડપી જાણકારીના સંદર્ભમાં કાયદાકીય પધ્ધતિ અને બિનકાયદાકીય પધ્ધતિ એમ પધ્ધતિઓમાં રાજ્યો વહેંચાયેલા છે.

### 6.3.1 કાયકીય પધ્ધતિ (Statutory System)

રાજ્યની ધારાકીય સભાએ સાર્વજનિક ગ્રંથાલયો સ્થાપવા અને નિભાવવા માટે અને ગ્રંથાલય સેવાઓનું સંગઠન કરવા અમલમાં મૂકેલ કાયદા દ્વારા અપાતી ગ્રંથાલયસેવા પદ્ધતિને કાયદાકીય ગ્રંથાલય સેવા કહી શકાય.

કાયદાકીય ગ્રંથાલય પદ્ધતિ ઘણા સમય પહેલા 1948 માં તામિલનાડુ રાજ્ય ગ્રંથાલય અધિનિયમ સાથે સહુથી પ્રથમ રાજ્ય હતું. -હાલમાં 12 રાજ્યો કે જેઓ કાયદાકીય પધ્ધતિ નીચે સાર્વજનિક ગ્રંથાલયો ચલાવે છે. આમાં છે, (અધિનિયમનું વર્ષ કૌસમાં આપવામાં આવ્યુ છે) તામિલનાડુ (1948), આંધ્ર પ્રદેશ (1960) કર્ણાટિક (1964), મહારાષ્ટ્ર (1967), વેસ્ટ બેંગાલ (1979), મણિપૂર (1988), હરિયાણા (1989), કેરાલા (1989), મિઝોરમ (1993), ગોવા (1989),ગુજરાત (2001), આરિસ્સા (2001) આ રાજ્યોના ગ્રંથાલય કાયદા ઓમાં હાલમાં એકસૂત્રતા નથી સગવડતા માટે પાયાના મુખ્ય બે લક્ષણો ઉપર બે જૂથમાં વહેંચી શકાય છે.

**પ્રકાર-1 (સાર્વજનિક ગ્રંથાલયોનું શુદ્ધ સ્વરૂપ)**

આ પ્રકારના સાર્વજનિક ગ્રંથાલયોની નાણાંકીય વ્યવસ્થા નીચે જેઓ સરકાર દ્વારા સ્થાપના અને વિનામૂલ્યે ચલાવાય છે.અધિનિયમ નીચે આ પ્રકારના ગ્રંથાલય માટે સ્વતંત્ર આવકના સ્રોત ઉપકર સ્વરૂપે પૂરા પાડવામાં આવે છે (સ્વતંત્રનો અર્થ કે તે રાજ્યના અંદાજપત્ર સાથે જોડાયેલા નથી, પણ સ્થાનિક રીતે ઊભું કરેલું છે).સ્થાનિક ગ્રંથાલય સત્તામંડળો (એલ એલ એ એસ) ચોક્કસ વેરા ઉપર વધારાના વેરા તરીકે ગ્રંથાલય ઉપકર મેળવે છે. તેથી નાણા, ગ્રંથાલય ઉપકર દ્વારા રાજ્ય સરકારના વધારાના અનુદાનથી વૃધ્ધિ થાય છે. આ પધ્ધતિનો અમલ સામન્ય રીતે તામિલનાડુ, આંધ્ર પ્રદેશ, કર્ણાટક, કેરાલા અને ગોવામાં થયો છે (તેથી તે નોંધવુ જોઈએ સાર્વજનિક ગ્રંથાલયસેવા સ્થાનિક સંસ્થાઓ જેવીકે પંચાયત અથવા મ્યુનિસિપાલીટીઓને સોંપાય તેના બદલે, ગ્રંથાલયસેવા પૂરી પાડવા માટે છે. તેમ છતાં, એકઠો કરેલો ગ્રંથાલય ઉપકર અને તે પછી દેવામાંથી મુક્તિ તે સત્તામંડળના સ્થાનિક સંસ્થાનું કાર્ય છે.

તામિલનાડુમાં, દરેક મહેસૂલી જીલ્લામાં અને ચેન્નાઈ શહેરમાં સ્થાનિક ગ્રંથાલય સત્તામંડળો છે. દરેક સ્થાનિક ગ્રંથાલય સત્તામંડળો ગ્રંથાલય સેસ (સબંધિત સ્થાનિક સંસ્થાઓ દ્વારા એકઠો કરી સ્થાનિક ગ્રંથાલય સત્તામંડળોને પહોંચાડવામાં આવે છે) મિલકત ઉપર વેરો અથવા ઘરવેરો (હાલમાં રૂપિયે 10 પૈસાના દરે) તેના અધિકાર ક્ષેત્ર વિસ્તારમાંથી મેળવે છે. સ્થાનિક ગ્રંથાલય સત્તામંડળ ગ્રંથાલય ભંડોળ નામનું ફંડ નિભાવ વિકાસ માટે આવકના સ્રોત તરીકે સ્વીકાર કરે છે આ ભંડોળ બનેલું છે : અ) એકઠો કરેલો ગ્રંથાલય વેરો, બ) રાજ્ય સરકારનું અનુદાન (એકઠા કરેલા વેરાથી ઓછુ નહિ), (સી) ચોક્કસ હેતુ માટે સરકાર દ્વારા વિશિષ્ટ અનુદાન, ડી) ફાળો ભેટ અને દાનની આવક, અને ઈ) ફી, અતિદેય અને નિપજ અનુસાર સ્થાનિક સત્તામંડળ દ્વારા એકઠી કરેલી બીજી રકમ.

આંધ્ર પ્રદેશ સાર્વજનિક ગ્રંથાલય કાયદો, 1960 આવકના સ્રોત દરેક જિલ્લા ગ્રંથાલય સંસ્થા (ઉ.ત. સ્થાનિક જિલ્લા સત્તામંડળ) દ્વારા ઊભા કરે તે આ ભંડોળ :એ) તેના વિસ્તારના મિલકત વેરા ઉપર વધારાના વેરા દ્વારા ગ્રંથાલય સેસ વસૂલ કરે છે (હાલમાં રૂપિયે 8 પૈસાના દરે) બી) સમયાંતરે રાજ્ય સરકાર દ્વારા અનુદાન છૂટું કરવામાં આવે છે,સી) ચોક્કસ હેતુ માટે સરકાર દ્વારા વિશિષ્ટ અનુદાન ડી) ફાળો, ભેટ અને દાન મારફત આવક અને અને ઈ) નિયમ અનુસાર જિલ્લા ગ્રંથાલય સંસ્થા દ્વારા એકઠું કરવામાં આવેલ ભંડોળ અને બીજી રકમ

કર્ણાટકમાં સાર્વજનિક ગ્રંથાલય માટે આવકનો સ્રોત (કર્ણાટકમાં સાર્વજનિક ગ્રંથાલય કાયદો, 1965 મુજબ) જીલ્લા ગ્રંથાલય ભંડોળ જીલ્લા ગ્રંથાલય સત્તા મંડળનો અથવા શહેર ગ્રંથાલય ભંડોળ ખાતે જમા છે : એ) ગ્રંથાલય સેસ વધારાના વેરા સ્વરૂપ જમીન અને મકાન વેરા, સ્થાનિક વિસ્તારમાં ઉપયોગી માલસામાનના પ્રવેશ ઉપર, ઉપયોગ અથવા વેચાણ, વાહનો ઉપર અને વ્યવસાય ઉપર, વેપાર, ધંધો અને રોજગાર (હાલમાં રૂપિયો 6 પૈસાના દરે,બી) વાર્ષિક અનુદાન (ફકત જીલ્લા ગ્રંથાલય સત્તામંડળને) રાજ્ય સરકાર દ્વારા જીલ્લાની એકઠી કરેલી મહેસૂલી આવકના 3 ટકા લેખે,સી) રાજ્ય અને મધ્યસ્થ સરકાર તરફથી અનુદાન,ડી) ફાળો, ભેટ અને દાનની આવક, અને ઈ) ગ્રંથાલય

સત્તામંડળે નિયમ અનુસાર એકઠુ કરેલું ભંડોળ અને બીજી રકમ. વધારામાં ત્યાં રાજ્ય ગ્રંથાલય ભંડોળની જોગવાઈ પણ છે. આ ભંડોળ રાજ્ય અને મધ્યસ્થ સરકારના અનુદાનમાંથી બનેલું હોય છે.

કેરાલામાં (કેરાલા સાર્વજનિક ગ્રંથાલય કાયદો, 1989 મુજબ) રાજ્ય ગ્રંથાલય કાઉન્સિલ રાજ્ય ગ્રંથાલય ભંડોળ નિભાવ કરે છે જેમાંથી રાજ્ય ગ્રંથાલય કાઉન્સિલ જીલ્લા ગ્રંથાલય કાઉન્સિલ, અને તાલુકા ગ્રંથાલય મંડળો (દા.ત. સ્થાનિક ગ્રંથાલય સત્તામંડળો) બધોજ ખર્ચ મેળવે છે. રાજ્ય ગ્રંથાલય ભંડોળ બનેલું છેઃ એ) રાજ્ય સરકારનું વાર્ષિક અનુદાન (જે વાર્ષિક રાજ્ય અંદાજપત્રમાં શિક્ષણ માટે ફાળવેલ રકમના એક ટકા કરતા વધારે નહીં) બી) ગ્રંથાલય સેસ (મકાનવેરો અથવા મિલકત વેરા ઉપર વધારાના વેરા સ્વરૂપે, હાલમાં રૂપિયે 5 પૈસાના દરે),ઈ) મધ્યસ્થ સરકાર દ્વારા અનુદાન અને ડી) ફાળો અથવા મળેલ ભેટ

હરિયાણામાં, હરિયાણા સાર્વજનિક ગ્રંથાલય કાયદો, 1989 માં જોગવાઈ મુજબ ત્યાં ત્રણ પ્રકારના ગ્રંથાલય ભંડોળ છે. જેવાકે, શહેર/ટાઉન/ વિભાગ/ગ્રામ ગ્રંથાલય ભંડોળ,જીલ્લા ગ્રંથાલય ભંડોળ, રાજ્ય ગ્રંથાલય ભંડોળનું બનેલું છે : એ) રાજ્યમાં ગ્રંથાલય સેવાના વિકાસમાટે રાજ્ય મારફત કોઈ રકમ, ફાળો અથવા દાન, વગેરે. જીલ્લા ગ્રંથાલય અને શહેર/ટાઉન/વિભાગ/ગ્રામ્ય ગ્રંથાલય ફંડ છે : એ) રાજ્ય ગ્રંથાલય ભંડોળ મારફત સ્થળાંતર રકમ કે જે જીલ્લામાં એકઠા કરેલા ગ્રંથાલય સેસની કુલ રકમાંથી ઓછી ન હોય ફક્ત (જીલ્લા ગ્રંથાલય ભંડોળ ને જ લાગુ પડે છે), બી) ગ્રંથાલય સેસ મિલકત વેરો અથવા ઘરવેરા ઉપર વધારાના વેરા સ્વરૂપે (સરકાર અત્યાર સુધી જે દર નક્કી કરે તે.) સી) ચોક્કસ હેતુ માટે કોઈ વિશિષ્ટ અનુદાન,ડી) નિયમ અનુસાર એકઠી કરેલી રકમ,ઈ) ભેટ સ્વરૂપે મળેલી કોઈ રકમ,ફાળો અથવા દાન, અને એફ) કોઈ લોન ઉપસ્થિત હોય તો

ગોવા સાર્વજનિક ગ્રંથાલય કાયદો,1993,એ સાર્વજનિક ગ્રંથાલયોના વિકાસમાં આવક દર્શાવી છે ગ્રંથાલય સેસ મારફત વધારાના કર સ્વરૂપે ભારતીય બનાવટના વિદેશી દારૂ ઉપર (આઈ એમ એફ એલ એફ) 50 પૈસા એક લીટરે અને 50 પૈસા બીયરના મોટા જથ્થા ઉપર, ઉપરાંત રાજ્ય સરકારે રાજ્ય શિક્ષણ અંદાજપત્રના એક ટકો આ કારણસર ફાળવે છે.

**પ્રકાર-2 (સર્વજનિક ગ્રથાલયોનું મિશ્ર સ્વરૂપ)**

બીજો પ્રકાર અધિનિયમ વ્યવસ્થાને લગતો છે કે જે સાર્વજનિક ગ્રંથાલયોના મિશ્ર સ્વરૂપનો સહેલાઈથી કાબુમાં રાખી શકાય / અનુકળ રહે, કે જે ઐતિહાસિક પરંપરગત રીતે કેટલાક રાજ્યોમાં પ્રાધાન્ય ધરાવે છે. તેની પાસે કેટલાક સરકારી ગ્રંથાલયો છે અને ઘણી મોટી સંખ્યામાં લવાજમી ગ્રંથાલયો સ્વૈચ્છિક સંસ્થાઓ/ બિનસરકારી સંસ્થાઓ (એનજીઓ) દ્વારા ચાલે છે. રાજ્ય સરકાર, નવા ગ્રંથાલયોની સ્થાપનાને બદલે, પસંદગીના લવાજમી ગ્રંથાલયોને પુરસ્કૃત કરે છે, એક વખત તેઓને જીલ્લા ગ્રંથાલયો/ તાલુકા ગ્રંથાલયો તરીકે જાહેર કર્યા હતા. તેઓ જુદા જુદા નામોથી ઓળખાય છે. વેસ્ટ બેંગાલમાં પુરસ્કૃત ગ્રંથાલયો, મહારાષ્ટ્રમાં માન્યતા પ્રાપ્ત ગ્રંથાલયો,ગુજરાતમાં અનુદાન લેતા ગ્રંથાલયો. કેરાલામાં જોડાણવાળા ગ્રંથાલયો અને મિજોરમમાં માન્યતા પ્રાપ્ત ગ્રામ ગ્રંથાલયો.

ગ્રંથાલય કાયદો કેટલાક પસંદગીના લવાજમી ગ્રંથાલયોને સેસની આવક કરવેરામાં પૂરી પાડતો નથી. અનુદાન માન્ય જુદા જુદા ગ્રંથાલય તેમના મોભા પ્રમાણે છે (નક્કી કરેલા અમલીકરણના માનદંડ જેવાકે વિસ્તારની સેવાઓની લોક સંખ્યાના ક્ષેત્ર મુજબ,સંગ્રહના કદ, સભ્ય સંખ્યા અને કામના કલાકો). આ ગ્રથાલયો, કોઈપણ રીતે, પૂરક આવકના સ્રોત કરીકે નવું લવાજમ વસૂલવાનું મંજૂર કરેલ છે.

સાર્વજનિક ગ્રંથાલય સેવાના ક્ષેત્રમાં જેમની પાસે મજબૂત પરંપરા સ્વૈચ્છિક સેવાઓ અને દાનથી ઓળખી શકાય છે તે રાજ્યો છેઃ મહારાષ્ટ્ર, વેસ્ટ બેંગાલ, ગુજરાત, કેરાલા, મણિપુર અને મિજોરમ વગેરે. મહારાષ્ટ્ર, વેસ્ટ બેંગાલ,મણિપુર અને મિજોરમ રાજ્યોએ મિશ્ર પધ્ધતિએ પણ નજીવા ફેરફાર સાથે ગ્રંથાલય કાયદાને સ્વીકારવાનું સમર્થન કરે છે.

મહારાષ્ટ્ર સાર્વજનિક ગ્રંથાલય કાયદો, 1967 માં, સાર્વજનિક ગ્રંથાલય વિકાસ માટે ગ્રંથાલય ભંડોળ પૂરું પાડે છે, જેમાં સામેલ છે : એ) રાજ્ય સરકાર દ્વારા નિર્મિત વાર્ષિક ફાળો, બી)રાજ્ય સરકાર દ્વારા કોઈ વિશિષ્ટ અનુદાન, સી) મધ્યસ્થ સરકાર દ્વારા મળેલ કોઈ અનુદાન, અને ડી)સાર્વજનિક ગ્રંથાલયોના વિકાસ માટે લોકો તરફથી મળેલ ફાળો અથવા ભેટ નાણાનો સારો એવો ભાગ અનુદાન લેવાથી સહાય લેતા ગ્રંથાલયો પાછળ ખર્ચાય છે.(28 જીલ્લા ગ્રંથલયો અને 32 સંશોધન અને સાહિત્ય સંબંધી સંસ્થાઓનો સમાવેશ છે.) કુલ 5,597 સંખ્યો છે (જેની સામે 14 રાજ્ય ગ્રંથાલયો) જેનો અગાઉ

ઉલ્લેખ છે, સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચલાવાતા ગ્રંથાલયો. દ્વિપધ્ધતિના યથાર્થ દેખાવ મેળવવાના હેતુથી મહારાષ્ટ્રનો દાખલો નમૂના તરીકે ફરીથી વર્ણવેલ છે(મહેરબાની કરી પરિશિષ્ટ બ જુઓ)

વેસ્ટ બેંગાલ સાર્વજનિક ગ્રંથાલય કાયદો,1979, ગ્રંથાલય ફંડ પૂરું પાડે છે કે જે જમા થાય છેઃ એ) રાજ્ય સરકાર દ્વારા અનુદાન,બી) ફંડ, ભેટ અથવા ધર્માદાની આવક, અને સી) નિયમો નીચે સ્થાનિક સત્તામંડળ દ્વારા એકઠી કરેલી કોઈ રકમ.પુરસ્કૃત ગ્રંથાલયો (મૂળભૂત રીતે સ્વૈચ્છિક સંસ્થાના ગ્રંથાલયો) તેઓને સૈદ્ધાંતિક મદદ કર્મચારીઓના વેતન સ્વરૂપે મળે છે,જે કુલ ભંડોળના મહત્ત્વના ભાગના સ્વરૂપ છે.

મણિપુર સાર્વજનિક ગ્રંથાલય કાયદો , 1998 દરેક જીલ્લા ગ્રંથાલય સત્તામંડળને ગ્રંથાલય ફંડ પૂરું પાડે છે કે જે સાર્વજનિક ગ્રંથાલયોને પ્રોત્સાહિત કરવા ફંડને આગળ લઈ જવામાં આવે છે. : એ) રાજ્ય સરકારનો વાર્ષિક ફાળો,બી) રાજ્ય સરકાર દ્વારા કોઈ ચોક્કસ હેતુ માટે ફાળવવામાં આવેલ વિશિષ્ટ અનુદાન,સી) ફાળો,ભેટ અને જીલ્લા ગ્રંથાલય સત્તામંડળને ધર્માદાથી મળેલ આવક, અને ડી) નિયમ અનુસાર જીલ્લા ગ્રંથાલય સત્તામંડળનું ભંડોળ અને નક્કી કરેલી બીજી રકમ. પ્રાથમિક રીતે સાર્વજનિક ગ્રંથાલયો લવાજમી (એનજીઓ) ગ્રંથાલયો છે.

મિઝોરમમાં, સાર્વજનિક ગ્રંથાલયની સ્થાપના અને નિભાવનું કુલ ખર્ચ રાજ્યના અંદાજ પત્રમાં ફાળવવામાં આવે છે મિઝોરમ સાર્વજનિક ગ્રંથાલય કાયદો,1993 ઠરાવે છે કે વેતનો અને ઉછીના આપવા વગેરે, સરકારી ગ્રંથાલયના કર્મચારીઓને રાજ્યના એકત્રિત ભંડોળમાંથી ચૂકવવામાં આવશે. માન્યતા પ્રાપ્ત ગ્રામ ગ્રંથાલયો (સ્વૈચ્છિક સંસ્થા મારફત ચાલે છે જે યંગ મિઝો એસોસિએશન કહેવાય છે) કે જેણે મિઝોરમમાં મોટાભાગના સાર્વજનિક ગ્રંથાલયોની રચના કરી છે તેના નિભાવ માટે રાજ્ય સરકારનું અનુદાન મેળવે છે.

સત્ય એ છે કે તે કરવેરા સેસ કેરાલાના કિસ્સામાં પણ આ પ્રકાર નીચે જ સમાવેશ થાય છે. એક રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, અને કેટલાક મ્યુનિસિપલ ગ્રંથાલય સિવાય કેરાલામાં બધાજ સ્વૈચ્છિક સંસ્થાના ગ્રંથાલયો છે. ગ્રંથાલય અધિનિયમનો ઠરાવ કરતા સુધી, આ લવાજમી ગ્રંથાલયો (સંખ્યામાં લગભગ 5000) સાર્વજનિક ગ્રંથાલયોનું મંડળ કેરાલા ગ્રંથાલય સંઘમ સંસ્થાની છત્રછાયા નીચે કામ કરે છે. તેના દ્વારા સરકારી અનુદાન અમુક દિશામાં ઉપયોગ થાય છે. 1989ના ગ્રંથાલય કાયદા પછી, આ ગ્રંથાલયો (માન્યતા પ્રાપ્ત ગ્રંથાલયો કહેવાયા) હવે સિધા સરકાર આધારિત છે.

### 6.3.2 બિન-કાયદાકીય પદ્ધતિ (Non Statutory System)

રાજ્યો અને બધા જ કેન્દ્ર શાસિત પ્રદેશો કે જેઓએ અધિનિયમ પસાર કર્યો નથી તેઓની ગ્રંથાલય સેવાઓનો વિકાસ વહિવટીય દ્વારા થાય છે, દા.ત.,એ) સીધો સરકારી પ્રયત્ન,અને બી) અનુદાન સહાય પધ્ધતિ. સરકારી પ્રયત્ન નીચે,સરકાર તેના પોતાના સાર્વજનિક ગ્રંથાલયો જુદા જુદા સ્તરે સ્થાપના કરે છે. જેવાકે રાજ્ય/ વિભાગીય/ જીલ્લા/ તાલુકા/ ગ્રામ સ્તરે. આજ સમયે, પ્રવર્તમાન પસંદગીયુક્ત સ્વૈચ્છિક સંસ્થાઓ નીચે ચાલે છે તેને અનુદાન સહાય ચૂકવે છે. સરકાર,ગમેતેમ પણ, સાર્વજનિક ગ્રંથાલયસેવા પ્રોત્સાહિત કરવા કાયદાના બંધનમાં નથી પણ સાર્વજનિક ગ્રંથાલયના વિકાસ માટે પદ્ધતિઓ અને સાધનો મેળવવામાં આવે છે.

પધ્ધતિનું વાસ્તવિક ચિત્ર મેળવવા સંદર્ભે, તે મહત્ત્વનું છે. ગુજરાતનો ખાસ કિસ્સો લઈએ તો જેની પાસે સાર્વજનિક ગ્રંથાલય પધ્ધતિનો લાંબો ઈતિહાસ છે. ત્યાર પછીથી ગુજરાતમાં ગ્રંથાલય અધિનિયમ નથી. ગ્રંથાલયના વિકાસ માટે સરકારી અંદાજપત્રની જોગવાઈ એજ ફક્ત આવકનું સ્રોત છે. સીધો સરકારી પ્રયાસ અને અનુદાન સહાયની દ્વિપધ્ધતિ રાજ્ય અનુસરી રહ્યું છે જ્યારે રાજ્ય તમામ ખર્ચ આપે છે (અનાવર્તક અને બિનઅનાવર્તક)72 સરકારી ગ્રંથાલયોને બીજા 7,517 (નામાંકીત અનુદાન સહાય સર્વજનિક ગ્રંથલાયોને અનુદાન સહાય ચૂકવાય છે. આ ગ્રંથાલયો સ્વૈચ્છિક મ્યુનિસિપાલીટી, નગરપંચાયત અને ગ્રામ પંચાયતો ચલાવે છે. આવા દરેક ગ્રંથાલયને વાર્ષિક અનુદાન ચૂકવાય છે. અનુદાનની રકમ દરેક ગ્રંથાલયના આધાર ઉપર ખરેખર વાર્ષિક ખર્ચના માન્ય 75 ટકા લેખે અનુદાન સહાયની વધુમાં વધુ મર્યાદાના સંદર્ભે ચૂકવાય છે. બાકી રહેતું 25 ટકા ખર્ચ ગ્રંથાલયે તેની પોતોની આવકના સ્રોતોમાંથી ભોગવવાનું રહે છે. તે પણ ઠરાવેલું છે કે અનુદાનના 50 ટકા રકમ વાચનસામગ્રી ખરીદવામાં ખર્ચવી આદિવાસી અને પછાત વિસ્તારના ગ્રામ ગ્રંથાલયોમાં, કોઈપણ રીતે 100 ટકા અનુદાન આપવામાં આવે છે.

ટૂંકમાં સમાપન કરતા કહી શકાય કે ભારતમાં સાર્વજનિક ગ્રંથાલયોની પ્રર્વતમાન નાણાકીય પધ્ધતિ ઘણી વિવિધ છે, આનો વિકાસ મૂલવણીનાં અથવા સાર્વજનિક ગ્રંથાલયોની પધ્ધતિ સાચવવા દરેક રાજ્ય /કેન્દ શાસીત પ્રદેશે પોતાની ઈચ્છાથી ઉકેલે છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો**

3) ભારતમાં સાર્વજનિક ગ્રંથાલયોની કઈ બે નાણા વિષયક પધ્ધતિઓ આજે પ્રચલિત છે ?

4) જે રાજ્યોએ ગ્રંથાલયધારો પસાર કર્યો છે, સાર્વજનિક ગ્રંથાલયના વિકાસમાં ખાસ કરીને ક્યા નાણા વિષયક સ્ત્રોત છે અને આ સ્ત્રોતોના મુખ્ય ઘટકો ક્યા છે ?

5) મહારાષ્ટ્ર સાર્વજનિક ગ્રંથાલયમાં નાણાકીય જોગવાઈઓ શું છે ?

નોધ : i) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તરો લખો.

ii) એકમના અંતે આપેલા ઉતરો સાથે તમારા ઉત્તરો સરખાવો.

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

## 6.4 ભારતમા સાર્વજનિક ગ્રંથાલયના નાણા : પ્રર્વતમાન પરિસ્થિતિ ( PUBLIC LIBRARY FINANCING IN INDIA : PRESENT STATUS) :

અગાઉના વિભાગમાં આપણે જુદા જુદા રાજ્યોમાં સાર્વજનિક ગ્રંથાલયોના આવકના સ્ત્રોતો ખુલ્લા છે તે જોયું. આ વિભાગમાં, આવકના હિસ્સાની આપણે ફેરતપાસણી કરીશું, સાર્વજનિક ગ્રંથાલયના વિકાસ માટે જુદા જુદા સ્ત્રોતોમાંથી નાણા ઉપલભ્ય છે, જેવાકે મધ્યસ્થ સરકાર, રાજ્ય સરકાર અને એનજીઓ બદલાતી અને જટિલ વ્યવસ્થાનો અભાવ અને ડેટાની અછત ચોક્કસ આંકડાની અવધિમા તે વાત કરવાનું શક્ય નથી. નીચેના ફકરામાં આપણે ભારતમાં સાર્વજનિક ગ્રંથાલયોની આવકનું સામાન્ય વલણ રજુ કરીશુ.

### 6.4.1 મધ્યસ્થ સરકાર (Central Government)

ભારતના બંધારણમાં સાર્વજનિક ગ્રથાલયો રાજ્ય સરકારના અધિકાર ક્ષેત્રમાં મૂકવામાં આવ્યા છે, દા.ત. રાજ્યની યાદી. મધ્યસ્થ સરકારને ફાળો સાર્વજનિક ગ્રંથાલયોના વિકાસ તરફ ખાસ કરી મર્યાદિત નાણા સહાય સ્વરૂપે પંચ વર્ષિય યોજનામાં કેટલાક ગ્રંથાલયો ઊભા કરવા, જુદી જુદી ગ્રંથાલય સમિતિઓની રચના માટે અને રાજા રામ મોહનરોય લાયબ્રેરી ફાઉન્ડેશનની(આર આર આર એલ એફ) સ્થાપના આ માટે કરવામાં આવેલ છે.

ઉપરોક્ત દર્શાવ્યા મુજબ, મધ્યસ્થ સરકાર સાંસ્કૃતિક વિભાગ દ્વારા નિભાવ થતા ગ્રંથાલયો કોલકતા સેન્ટ્રલ રેફરન્સ લાયબ્રેરી, કોલકતા, દિલ્હી પબ્લિક લાયબ્રેરી, દિલ્હી; ખુદાબક્ષ ઓરિએન્ટલ પબ્લિક લાયબ્રેરી, પટના; રામપુર રાજા લાયબ્રેરી, રામપુર (યુ.પી) ; કેન્દ્રિય સચિવાલય ગ્રંથાલય ન્યુ દિલ્હી ઉપરાંત, સાંસ્કૃતિક વિભાગ સમયાંતરે અનુદાન આપે છે, તેમાં તાંજાવુર મહારાજા સેરફોગીના સરસ્વતિ સચિવાલય મહલ (ટીએમએસ એસ એમ) ગ્રંથાલય તાંજાવુર (ટીએન); કોનમેરા પબ્લિક લાયબ્રેરી ચેન્નાઈ; સેન્ટ્રલ લાયબ્રેરી, મુંબઈ, વગેરે છે. વિભાગ આર આર આર એલ એફને વાર્ષિક નાણા ફાળવે છે. આર આર આર એલ એફ દ્વારા ફાળવાયેલ વિવિધ યોજના દ્વારા આ મદદ ભારતમાં સાર્વજનિક ગ્રંથાલય ચળવળમાં પ્રોત્સાહન માટે ફાળવે છે. નેશનલ આર્કોઈઝ ઓફ ઈન્ડિયા, સાંસ્કૃતિક વિભાગ, ભારત સરકાર દ્વારા અર્પણ કરેલ નાણા હસ્તપ્રતો અને/ અપ્રાપ્ય પુસ્તકો સાચવવા માટે સાર્વજનિક ગ્રંથાલયો સહિત ઉપલભ્ય છે.

સાર્વજનિક ગ્રંથાલયને પ્રોત્સાહન સંદર્ભે આ બાબતમાં રાજ્ય સરકારને માર્ગદર્શન માટે ભારત સરકાર તરફથી સમયાંતરે ઘણી બધી સમિતિઓ નિમવામાં આવે છે. નાણાકીય ક્ષેત્રો આવી બે મહત્ત્વની સમિતિની ભલામણો ટૂંકમાં નીચેના ફકરામાં ચર્ચવામા આવી છે.

શ્રી.કે.પી સિંહાના અધ્યક્ષપદનો ગ્રંથાલય માટેની સલાહકાર સમિતિનો અહેવાલ (સિંહા સમિતિ, 1958 કહેવાય છે) બ્લોક ગ્રંથાલય ભંડોળ અને મ્યુનિસિપલ ગ્રંથાલય ભંડોળની રચનાની સલાહ આપે છે (જીલ્લો એ ગ્રંથાલય સેવા એકમ તરીકે સ્વીકારવો જોઈએ). ભંડોળ ગ્રંથાલય સેસના સ્વરૂપમાં ઊભુ કરવું. રાજ્ય સરકારે એકત્ર થયેલા સેસ જેટલું અનુદાન આપવું જોઈએ અને ધીમે ધીમે ત્રણ ઘણું સેસ એકત્રીકરણ જેટલું અનુદાન વધારવું જોઈએ. બીજા હાથે ભારત સરકારે રાજ્યે એકત્રિત કરેલી સેસની એકત્રિત રકમ જેટલો ફાળો રાજ્યને આપવો જોઈએ. બીજી સમિતિ, દા.ત. પ્રો.ડી.પી. ચટ્ટોપાધ્યાયના અધ્યક્ષપદે નેશનલ પોલીસી ઓન લાયબ્રેરી એને ઈન્ફર્મેશન પધ્ધતિ ઉપર 1985 માં રાજ્ય અને મધ્યસ્થ બંને સ્તરે સરકારને સલાહ આપવા સમિતિ નિમવામાં આવી હતી. તે સમર્થનકારક છે કે સાર્વજનિક ગ્રંથાલયોના નિભાવ અને વિકાસ માટે બહેતર છે કે રાજ્ય અધિનિયમ દ્વારા ઠરાવ થવો જોઈએ. સામાન્ય મહેસૂલ દ્વારા અથવા સ્થાનિક કરવેરા દરેક રાજ્ય દ્વારા આવક શોધી કાઢવી જોઈએ. મધ્યસ્થ સરકાર સંસ્થાએ ભંડોળ યોજના ખર્ચ નીચે વ્યવસ્થા પૂરી પાડવી જોઈએ. આ સમિતિએ પણ ભલામણ કરેલ છે કે શિક્ષણ અંદાજપત્રના 6-10 ટકા લેખે ગ્રંથાલયો માટે ફાળવણી કરવી જોઈએ. (પણ તેઓએ સ્પષ્ટપણે સૂચવ્યુ ન હતું કે કેટલો હિસ્સો સાર્વજનિક ગ્રંથાલયો માટે ફાળવવો). તેથી એવું લાગે છે કે સાર્વજનિક ગ્રંથાલયો, ખાસ કરીને ગ્રામ સ્તરે બધી જ હોદ્દો ધરાવતી કાર્યરત સ્તરની સંસ્થાઓ પાસેથી સ્રોતો ખેંચવા જોઈએ (ઉ.ત. રાષ્ટ્રિય પ્રોઢ શિક્ષણ કાર્યક્રમ, ખેતીવાડી ક્ષેત્રિય કાર્યક્રમ વગેરે) જે ઓ દૂરવર્તી શિક્ષણ સાથે સબંધિત છે તેમના સમાવેશ સાથે) ઔદ્યોગિક સંસ્થાઓએ પર્યાપ્ત ગ્રંથાલયસેવાઓ માટે નાણા પૂરા પાડવા નહિ કે તેમના પોતાના કર્મચારીઓ માટે જ, પણ સામુદાયિક સબંધકર્તા સુધ્ધાને અંગત સંસ્થાઓ અને પરોપકારી સાથે સબંધ ધરાવતાને ગ્રંથાલય ક્ષેત્રમાં ઉતેજન આપવું, ખાસ કરીને અપંગ અને પછાત સમુદાયમાં બાળકો જો ઉપયોગી ગ્રંથાલય વિકાસમાં. આઠમી પંચ વર્ષિય યોજના અંતર્ગત, ભારત સરકારના સાંસ્કૃતિક ખાતા નીચે, ગ્રંથાલય અને માહિતી સેવાઓ ઉપર નેશનલ કમિશનની રચના માટેની તે યોજના હતી, એક શિખર આયોજન અને ગ્રંથાલય અને માહિતી સેવાઓ અને તમામ પ્રકારના ગ્રંથાલયોને રાષ્ટ્રિય પધ્ધતિમાં એકીકરણ કરવા માટે દરખાસ્ત, ગમેતેમ પણ આજે પણ વાસ્તવિકતામાં બદલાવવામાં બાકી છે.

કેન્દ્ર સરકારની રાષ્ટ્રીય ગ્રંથાલય પદ્ધતિના વિકાસ માટે કેન્દ્રિય ધારાનો અમલ કરવા, અથવા પ્રારંભિક પગલાં લેવામાં ઉદાસીનતા, ગ્રંથાલય અને માહિતી પદ્ધતિ ઉપર રાષ્ટ્રીય નીતિ જાહેર કરવા અને લોકોની જરૂરિયાતો સંદર્ભમાં રાજ્ય સરકારો ફંડ વધારવામાં નિષ્ફળ જાય છે ત્યારે જાહેર ગ્રંથાલયોના વિકાસ માટે વધુ નાણાં ફાળવવા માટે વારંવાર ટીકા કરવામાં આવે છે.

### 6.4.2 રાજ્ય સરકારો (State Government)

સાર્વજનિક ગ્રંથાલયસેવાના વિકાસ માટે દરેક રાજ્ય કેવી રીતે તેના સ્રોતો મેળવે છે તેનું અગાઉ વિગતવાર વર્ણન કરેલ છે. કેટલાક રાજ્યોએ ગ્રંથાલય અધિનિયમનો અમલ કરેલ છે કે જેઓ કાયદા અનુસાર નાણાકીય બાબતોની ચિંતા કરે છે અને બીજી બિનકાયદાકીય વ્યવસ્થામાં પરિપકવ થયા છે.

ફેરફાર કરી શકાય તેવી વ્યવસ્થાનો કારણે પ્રભુત્વમાં દરેક રાજ્ય/કેન્દ્ર શાસીત પ્રદેશમાં બીજા પ્રશ્નો છે, તેથી રાજ્ય/કેન્દ્રશાશિત પ્રદેશ સાર્વજનિક ગ્રંથાલયના વિકાસ ઉપર કુલ કેટલું ખર્ચ માથે લેશે તે નક્કી કરવુ મુશ્કેલ છે. 8મી પંચવર્ષિય યોજનાનો મુસદ્દો તૈયાર કરવા ગ્રંથાલય અને માહિતીનીતિ અંગેની પેટા કાર્યકારણીએ તૈયાર કરેલ અહેવાલ અગત્યનું ચિત્ર રજૂ કરે છે.

1988-89 ના વાર્ષમાં રાજ્ય સરકાર અને કેન્દ્ર શાસીત પ્રદેશના વહિવટ સાથે મળીને સાર્વજનિક ગ્રંથાલયના વિકાસ માટે રૂા. 31.71 કરોડ ખર્ચ કરેલ છે. કેન્દ્ર શાસીત પ્રદેશ પોન્ડીચેરીએ ઊંચામાં વ્યક્તિ દીઠ કરેલ છે (રૂા.2.48) અને ઓછામાં ઓછો બિહારનો (4પૈસા ) છે જે રાજ્યે તે સમયે ગ્રંથાલય અધિનિયમનો અમલ શરૂ કરી દીધો છે તે દરેક મિલકત ખર્ચ (ઉતરતા ક્રમમાં) 1988-89 દરમ્યાન વ્યક્તિ દીઠ કરેલ ખર્ચ નીચે મુજબ છે.

| | |
|---|---|
| પશ્ચિમ બંગાળ | રૂા. 1.70 |
| તામિલનાડુ | રૂા. 0.93 |
| આંધ્રપ્રદેશ | રૂા. 0.67 |
| કર્ણાટક | રૂા. 0.63 |
| મહારાષ્ટ્ર | રૂા. 0.20 |

આ સંદર્ભમાં, સાર્વજનિક ગ્રંથાલયો ઉપર સાંપ્રત દરે કરવામાં આવેલ ખર્ચ સાર્વજનિક ગ્રંથાલયો ઉપરની વિવિધ સમિતિઓએ સૂચવેલ લક્ષ્યાંકો સાથે તુલના કરવી યોગ્ય ગણાશે.

| | | |
|---|---|---|
| 1. | સાર્વજનિક ગ્રંથાલયના આયોજનનો કાર્યકારી જૂથનો શિક્ષણ અંદાજ પત્રના વ્યૂહાત્મક અભિગમ | 5 ટકા |
| 2. | ગ્રંથાલય અને માહિતી પધ્ધતિ ઉપર રાષ્ટ્રિય સમિતિ શિક્ષણ અંદાજ પત્રના | 6થી10 ટકા |
| 3. | 8 થી યોજનાના કાર્યકારી જૂથ | 8મી પંચવર્ષિય યોજના દરમ્યાન દરેક મિલકતે રૂા.1 |
| 4. | કેરાલા સાર્વજનિક ગ્રંથાલય કાયદો | શિક્ષણ અંદાજ પત્રના 1 ટકા થી વધુ નહિ. |

1988-89 માં સમગ્ર ભારત સ્તરે સાર્વજનિક ગ્રંથાલય સેવાનું ખર્ચ શિક્ષણ ખર્ચની થયેલ કામગીરીના 0.26 ટકાવારી હતી. પશ્ચિમ બંગાળનું સાર્વજનિક ગ્રંથાલયમાં ખર્ચ શિક્ષણ અંદાજ પત્રના (0.91%) ટકાથી ઓછું નહિ તેટલું છે કે જે અનુક્રમે ટોચના સ્થાને હતું. ખરાબ કિસ્સો બિહાર છે કે જ્યાં સાર્વજનિક ગ્રંથાલયનો ખર્ચ શિક્ષણ અદાજ પત્રના 0.03 ટકાવારી છે. રાજ્યો કે જ્યા સ્વૈચ્છિક સંસ્થાઓએ સાર્વજનિક ગ્રંથાલયના વિકાસમાં અગ્રેસરતા લીધી છે, જેવા કે મહારાષ્ટ્ર અને કેરાલા સરકાર ગ્રંથાલયો પાછળ ખર્ચ કરનાર નોંધાયેલ નિમ્ન છે (શિશ્રણની ટકાવારીમાં) અનુક્રમે 0.10 અને 0.20 છે. તદ્અનુસાર, તે દાખલો સમિતિઓના નક્કી લક્ષ્યની સરખામણીમાં નથી. ભારત જેવા ગરીબ દેશના સંદર્ભે એકબીજા વચ્ચે અગ્રતામાં વધારે ભંડોળ માટે સ્પર્ધા રહે છે. સાર્વજનિક ગ્રંથાલય પૂરતો કૂદકો લગાવી હિસ્સો મેળવવા ફકત શિક્ષણ અંદાજ પત્રમાં પ્રતિષ્ઠિત કદનો ભાગ લઈ શકે.

### 6.4.3 સ્વૈચ્છિક સસ્થાઓ દ્વારા લેવાયેલ પગલાં (Initiative by Voluntary Organisation)

વિશ્વના કોઈ એક ભાગમાં સાર્વજનિક ગ્રંથાલય સેવાઓના વિકાસમાં ભૂમિકા ભજવનાર સ્વૈચ્છિક સંસ્થાઓને નજર અંદાજ ન કરી શકાય. ભારત તેમાંથી બકાત નથી. ભારતમાં ઘણા રાજ્યોમાં સાર્વજનિક ગ્રંથાલયસેવાનો વિકાસ આધારિત/આધાર સ્થાનિક સ્તરે અને રાષ્ટ્રિય સ્તરે સ્વૈચ્છિક સંસ્થાઓ પર છે. (જેવી કે રાજીવ ગાંધી ફાઉન્ડેશન, ન્યુ દિલ્હી) રાજ્યો જેવા કે મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, હરિયાણા અને કેરાલા, ગ્રંથાલય અધિનિયમને ન ગણકારતા સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતા પ્રવર્તમાન ગ્રંથાલયો સરકાર દ્વારા માન્ય ને સહાયતા પ્રાપ્ત છે. દેખીતું છે, જે રાજ્યો એ ગ્રંથાલય અધિનિયમ પસાર કર્યો નથી. સાર્વજનિક ગ્રંથાલયના વિકાસમાં સ્વૈચ્છિક સંસ્થાઓનો અભિગમ નહિવત્ છે.

સંખ્યાબદ્ધ સ્વૈચ્છિક સંસ્થાઓ સાર્વજનિક ગ્રંથાલય સેવાનું વધતું વાર્ષિક ખર્ચ તેઓ માથે લે છે, તેનો અંદાજ એક અસંભવિત કાર્ય છે. સાર્વજનિક ગ્રંથાલયોને પ્રોત્સાહિત કરવા આ સ્વૈચ્છિક સંસ્થાનું નાણાંકીય ભંડોળ અવિરત નથી. પણ જે રાજ્યોમાં પૂરું પાડવામાં આવે છે, તે કેરાલા, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, પશ્ચિમ બંગાળ, ગુજરાત, બિહાર અને આંધ્રપ્રદેશ છે.

ટૂંકમાં, આપણે જોયું કે ભારતમાં સાર્વજનિક ગ્રંથાલયોના વિકાસ માટે ચાલુ નાણાંકીય વ્યવસ્થા અને રાજ્ય અને મધ્યસ્થ સરકારનો ફાળો આ કારણસર છે. ગમે તેમ પણ, 1992ના બંધારણ સુધારા 73 અને 74ના આધારે આ વ્યવસ્થા હાલમા ફરી નિરીક્ષણ નીચે છે. આ સુધારો બંધારણ સુધારા પ્રતિષ્ઠા સ્થાનિક સંસ્થાઓ (3 સ્તરીય પંચાયત અને મ્યુનિસિપાલીટી) અને ચોક્કસ વિષયો ગ્રંથાલયના વિષયો સહિત સીધી અથવા આડકતરી રીતે રાજ્યની યાદીમાંથી આ સંસ્થાઓની યાદીમાં તબદીલ થયેલ છે. જ્યારે આવી સત્તાની સોંપણી સ્થાન લેતી હોય, ત્યારે સ્થાનિક સત્તાએ સાર્વજનિક ગ્રંથાલયોની નાણાંકીય જવાબદારી પોતાના માથે લેશે ત્યાર પછી રાજ્ય સરકારની ભૂમિકા સિમિત થશે.

પ્રવર્તમાન વ્યવસ્થા અને સ્વીકારેલી જવાબદારીના સંદર્ભ તે અનુમાન કરી શકાય કે મધ્યસ્થ એ ઉપરાંત રાજ્ય સરકારે સ્વીકારેલી જવાબદારી સાર્વજનિક ગ્રંથાલયોના જાહેર થયેલા ઉદ્દેશો પ્રાપ્ત કરવામાં ઘણી ઓછી જણાય છે. છતાં એ સત્ય છે કે સાર્વજનિક ગ્રંથાલયોના વિકાસ માટે સરકારની જુદી જુદી સમિતિઓએ ગ્રંથાલયો ઉપર ભંડોળ ફાળવણીનું સ્પષ્ટ માર્ગદર્શન લાધ્યું છે, સાર્વજનિક

ગ્રંથાલયનું ખર્ચ રોકાણ ઘણું ઓછું જણાય છે. અને ભારતમાં માનવ સંસાધન ભૂમિકા અદા કરવામાં તે નિષ્ફળ જશે.

- **તમારી પ્રગતિ ચકાસો.**

(6) ભારતમાં સાર્વજનિક ગ્રંથાલયોની રાષ્ટ્રિય નીતિની ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન ઉપર નાણાંકીય દરખાસ્તની મુખ્ય ભલામણો શું છે ?

(7) રાજ્ય સરકારોનું સાર્વજનિક ગ્રંથાલય પાછળ થતો ખર્ચ શિક્ષણના ખર્ચ કેટલો ભાગ છે તે દર્શાવો.

(8) બંધારણના 73 અને 74માં સુધારામાં સાર્વજનિક ગ્રંથાલયોના કયા શક્ય નાણાં વિષયક અમલીકરણનું છે ?

નોંધ - (i) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તરો લખો.

(ii) એકમને અંતે આપેલા ઉત્તર સાથે તમારા ઉત્તરો સરખાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 6.5 સારાંશ (SUMMARY)

આ એકમ ત્રણ વિભાગમાં વહેંચાયેલ છે જેવા કે, (1) સાર્વજનિક ગ્રંથાલય નાણાં વિષયક સામાન્ય મત, (2) ભારતમાં સાર્વજનિક ગ્રંથાલયોની નાણાંકીય વ્યવસ્થા અને (3) નાણાં વિષયક હાલની પરિસ્થિતિ. જયારે પ્રથમ વિભાગ સાર્વજનિક ગ્રંથાલયની નાણાં વિષયક બાબતો સાથે સામાન્ય સંબંધ ધરાવે છે. બાકીના બે ભાગો ભારતમાં નાણાંકીય વિષયક બાબતો ઉપર ચર્ચા કરે છે.

પ્રથમ ભાગ જુદા જુદા અભિગમ અને નાણાં વિષયક સ્રોતોમાં સામાન્ય સંબંધ ધરાવે છે. સાર્વજનિક ગ્રંથાલય બિનનફાકારક સંસ્થા છે, નાણાં વિષયક અભિગમ માટે બીજા પ્રકારની સંસ્થાઓ સાથે મેળ ન હોઈ શકે. નાણાં વિષયક જુદા જુદા સરકારી સ્રોતો છે. (મધ્યસ્થ, રાજ્ય અને સ્થાનિક) ગ્રંથાલય સેસ, પોતાની નિર્માણ કરેલી આવક, બચતો, દાન, સખાવતો અને સ્વૈચ્છિક સંસ્થાઓનો ફાળો.

ભારતમાં સાર્વજનિક ગ્રંથાલયોની નાણાં વિષયક જુદી જુદી પદ્ધતિઓ બે ભાગમાં છે, જેવી કે, કાયદાકીય અને બિન-કાયદાકીય પદ્ધતિઓ, કાયદાકીય પદ્ધતિ નીચે, આપણે જુદા જુદા ગ્રંથાલય કાયદાઓના પૃથક્કરણ કર્યા છે. (10 રાજ્યોમાં પ્રચલિત) નાણાં વિષયક સગવડના દષ્ટિકોણથી આ દસ કાયદાઓ બીજાઓથી અલગ પાડીને બે જૂથમાં વહેંચવામાં આવ્યા છે. એક તેના પોતાના ગ્રંથાલયોથી ગ્રંથાલયસેવા પૂરી પાડે છે. (તમિલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક વગેરે અને બીજિ પોતાનાં ગ્રંથાલયો ઉપરાંત બિન-સરકારી ગ્રંથાલયો પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર વગેરે) બિન-કાયદાકીય પદ્ધતિમાં, ગ્રંથાલયોને વહિવટીય માપદંડ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવે છે, કાયદાકીય અહેસાન તરીકે નહિ.

ભારતમાં સાર્વજનિક ગ્રંથાલયોના હાલની નાણાંકીય સ્થિતિ સંદર્ભમાં જોઈએ તો, આપણે મધ્યસ્થ અને રાજ્ય સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓની માથે લીધેલી જવાબદારીના દષ્ટિકોણથી તપાસ્યા છે. તેથી અનુમાન કરી શકાય છે કે મધ્યસ્થ અને રાજ્ય સરકારો બંનેની જુદી જુદી ગ્રંથાલય સમિતિઓએ ઠરાવેલ લક્ષ્ય મેળવવામાં નિષ્ફળ ગયા છે. ગમે તેમ પણ, સ્વૈચ્છિક સંસ્થાઓએ હોંશીયારીથી મોખરાનો ભાગ મૂકવા પ્રયત્ન કરેલ છે.

## 6.6 'તમારી પ્રગતિ ચકાસો' ના ઉત્તરો (ANSWER TO SELF CHECK EXER CISES)

(1) સાર્વજનિક ગ્રંથાલયના જુદા જુદા નાણાં વિષયક સ્રોતો છે. (i) સરકારી સ્રોત, (ii) પોતે નિર્માણ કરેલી આવક, (iv) બચતો, અને (v) બીજા સ્રોતો જેવા કે, ભેટ, ઊભું કરેલું ભંડોળ અને સખાવતો અને સ્વૈચ્છિક આરંભ.

(2) ગ્રંથાલયના ત્રણ નાણાંકીય અભિગમો છે. જે નીચે પ્રમાણે (i) ગ્રંથાલયો ખર્ચ કરતી સંસ્થાઓ છે, (ii) ગ્રંથાલયો વર્ધનશીલ તંત્ર છે, અને (iii) ગ્રંથાલયોની નાણાંકીય માંગ પુનરાવર્તિત છે.

(3) ભારતમાં બે નાણાંકીય પદ્ધતિઓ લોકોમાં પ્રચલિત છે. (i) કાયદાકીય પદ્ધતિ દસ રાજ્યોએ કે જેઓએ ગ્રંથાલય અધિનિયમ પસાર કર્યો છે. તેઓ અગાઉના જૂથની સાથે જોડાયેલા છે. આ પદ્ધતિમાં, સાર્વજનિક ગ્રંથાલય વિકાસ કાયદાથી નિયંત્રિત કરેલ છે. બિન કાયદાકીય પદ્ધતિ નીચે, સરકાર કાયદા દ્વારા બંધાયેલ નથી. અગર કયા રસ્તે સાર્વજનિક ગ્રંથાલયો વિકસાવવા જોઈએ તે કાર્યરત સરકારની નીતિ/શાણપણને વશ રહીને વહિવટીય કસરતના સ્વરૂપે ખેંચી જવામાં આવે છે.

(4) સામાન્ય રીતે વહિવટીય ગોઠવણમાં ગ્રંથાલય ભંડોળ જુદા જુદા સ્તરે છે, જેમાંથી ગ્રંથાલયો ઉપર નાણાં પોતપોતાના વિસ્તારમાં ખર્ચાય છે. ખાસ કરીને આ ભંડોળના ઘટકો છે. (i) ગ્રંથાલય સેસ, (ii) સમયાંતરે અથવા વાર્ષિક અપાતું રાજ્ય સરકારનું અનુદાન (iii) ચોક્કસ ઉદ્દેશ માટે રાજ્ય સરકારનું અંકિત કરેલું અનુદાન, (iv) ફાળો, ભેટ, અને ધર્માદાની આવક અને (v) સંબધિત નિયમો અન્વયે સ્થાનિક એકત્રિત કરેલા નાણાં

(5) રાજ્યમાં સાર્વજનિક ગ્રંથાલયોના વિકાસ માટે મહારાષ્ટ્ર સાર્વજનિક ગ્રંથાલય કાયદો ગ્રંથાલય ભંડોળ પૂરું પાડે છે. ભંડોળ આ પ્રમાણેના ઘટકોનું બનેલ છે. (એ) રાજ્ય સરકાર તરફથી વાર્ષિક ફાળો અને વિશિષ્ટ અનુદાન (બી) મધ્યસ્થ સરકાર તરફથી મળેલું ભંડોળ અથવા ભેટ. આ ભંડોળનો સારો એવો ભાગ અનુદાન સહાયમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચલાવાતા સહાયક ગ્રંથાલયો માટે છે. વાર્ષિક અનુદાન આ મર્યાદામાં રૂ. 10,000થી 2,40,000 રૂા 10,000 સાર્વજનિક ગ્રંથાલયને તેમના પાયાની કક્ષાના પ્રમાણમાં આપવામા આવે છે. સરખામણીમાં ત્યાં મકાન અનુદાન, સાધનોનું અનુદાન, પ્રેરક હેતુ અનુદાન, વિશિષ્ટ અનુદાન અને વધારાના અનુદાનની સગવડ છે.

(6) ધી કોનપોલીસ (ગ્રંથાલય અને માહિતી પદ્ધતિમાં રાષ્ટ્રિય પદ્ધતિ ઉપર સમિતિ) સાર્વજનિક ગ્રંથાલયો નિભાવવા અને વિકાસની ભલામણ ખાસ કરીને રાજ્ય અધિનિયમ દ્વારા ઠરાવ્યા પ્રમાણે છ (6) થી દસ ટકા શિક્ષણ અંદાજપત્રના ગ્રંથાલયોના વિકાસ માટે અંકિત કરવા સાર્વજનિક ગ્રંથાલયો ખાસ કરીને ગ્રામ સ્તરે, સ્રોતો માટે તમામ હોદ્દો કે પદને લગતી કાર્યરત તે સ્તરની સંસ્થાઓએ ખેંચીને લઈ જવા ઉદ્યોગો, અંગત અને પરગજુ સંસ્થાઓ તરફથી સાર્વજનિક સેવાને કારણે નાણાં વિષયક ઉપયોગ કરવો.

(7) 1988-89માં ભારત સ્તરે સાર્વજનિક ગ્રંથાલય સેવાનો શિક્ષણ કામગીરી ખર્ચના ટકાવારી ના ઓછામાં ઓછી 0.26 શું છે. પશ્ચિમ બંગાળ, સાર્વજનિક ગ્રંથાલયના ખર્ચમાં મોખરે છે. સાર્વજનિક ગ્રંથાલયો ઉપર શિક્ષણ અંદાજપત્રના ફક્ત 0.91 ટકા ખર્ચ કરેલ છે. બિહારનો કિસ્સો ખરાબ હતો (0.03 ટકા) સાર્વજનિક ગ્રંથાલયોમાં અગ્રેસર ખર્ચ કરનાર રાજ્યો જેવા કે મહારાષ્ટ્ર અને કેરાલા ઊંચો ફક્ત 0.10 અને 0.20 ટકાવારી તેમજ શિક્ષણ અંદાજપત્રના પ્રમાણમાં છે.

(8) બંધારણ સુધારા 73 અને 74એ સ્થાનિક સત્તાઓ જેવી કે પંચાયત (3-સ્તરિય પદ્ધતિ) અને મ્યુનિસિપાલીટીએ તેમના અધિકાર ક્ષેત્રમાં સાર્વજનિક ગ્રંથાલયોને નાણાં વિષયક અને વિકાસ કરવાની સત્તા આપી છે. જ્યારે અને જો ગ્રંથાલયો તે સ્થાનિક સત્તાઓને તબદિલ થતા, રાજ્ય સરકારની ભૂમિકા સાર્વજનિક ગ્રંથાલયોને નાણાંકીય કવચ પૂરું પાડશે. ઘણા રાજ્યોમાં ચાલુ ગ્રંથાલય કાયદામાં પ્રાથમિક સુધારાની તેવી જરૂરિયાત પણ નવી વ્યવસ્થા પૂરી પાડશે.

## 6.7 ચાવીરૂપ શબ્દો (KEY WORDS)

**સેસ (Cess)** : નાણાંની વધારે આવક કરનાર એક ભાગ તરીકે સ્થાનિક સરકારથી છે. ગ્રંથાલય સેસ કરના નાણાં છે. (યુકેમાં 'રેટસ' કહેવાય છે) વધારાના નાણાં સ્વરૂપમાં જુદા જુદા પ્રકારના કર ઉપર જેવા કે મિલકત કર, ઘરકર અને મકાન કર સ્થાનિક સંસ્થાઓ/સત્તાઓ થકી છે.

**ફેડરલ / મધ્યસ્થ સરકાર (Federal/Central Government)** - સરકાર રચવામાં જેમાં બે અથવા વધારે રાજ્યો રાજકીય જોડાણ રચે છે. જ્યારે સ્વતંત્ર રહેવું એ તેની આંતરીક બાબત છે, યુ એસ માં ફેડરલે મધ્યસ્થ સરકાર છે અને 33 રાજ્ય સરકાર રચે છે ફેડરલ પદ્ધતિની સરકાર ભારતમાં આપણે વધારે

કહી શકીયે મધ્યસ્થ / સંયુક્ત સરકાર પદ્ધતિ.

**નાણાંકીય (Financing)** - કાયદો અથવા વધારાની પ્રક્રિયા અથવા જરૂરી ભંડોળ.

**સ્થાનિક સંસ્થાઓ (Local Bodies)** - સરકાર એ ચોક્કસ સ્થાનિક વિસ્તાર મુખ્ય રાજકીય એકમના (જેવા કે રાષ્ટ્ર અથવા રાજ્ય) પેટાવિભાગ રચે છે. ભારતમાં પંચાયત, બ્લોક્સ, જીલ્લાઓ, મ્યુનિસિપાલીટી/કોર્પોરેશન કે જે સ્થાનિક સંસ્થા તરીકે નામાંકીત છે.

**નેટવર્કીંગ ( Networking)** - ડેટા વહેંચણીની પ્રક્રિયા તકનિકી કોમ્પ્યૂટર પદ્ધતિ અને ટર્મિનલ દ્વારા આંતર જોડાણ પદ્ધતિ ગ્રંથાલય નેટવર્કીંગ. ગ્રંથાલયોના આંતર જોડાણ કમ્પ્યૂટર દ્વારા માહિતી /પ્રક્રિયા કાર્યોની વહેંચણી માટે.

**પરોપકાર (Philanthropy)** - વ્યક્તિ પોતાના જેવા લોકોના કલ્યાણ અર્થે પ્રોત્સાહિત કરવાનું વલણ ધરાવે છે.

**કાયદાકીય (Statutory)** - કાયદાથી નિર્માણ કરવુ અથવા નિયમિત કરવું (રાજ્યના અધિનિયમ વિભાગ દ્વારા કાયદો બનાવવામાં આવે છે.) સાર્વજનિક ગ્રંથાલય અધિનિયમનો અર્થ સાર્વજનિક ગ્રંથાલયનું નિયમન રાજ્યના કાયદાની રચના દ્વારા.

**લવાજમ (Subscription)** - ચોક્કસ હેતુ માટે નાણાનો ફાળો ખાસ કરીને કેટલુંક નિયત વાચન આપવા સમાજના સભ્ય દ્વારા જરૂરી નિયતકાલિક ફાળો વગેરે તેના ભંડોળના ગ્રંથાલય લવાજમ એવો ફાળો છે જે પુસ્તકો લેવા માટે અથવા ગ્રંથાલયની સગવડ માટે સમય દરમ્યાન લવાજમની કાયદેસરતા.

**વધારાના પૈસા માગવા (Surenagae)** - ઉમેરવામાં આવેલ અથવા વધારાની માંગેલી કિંમત અથવા ચૂકવણું.

**સ્વૈચ્છિક સંસ્થા / બિનસરકારી સંસ્થા (Voluntary organisation non government organisation)** - ઉમેરવામાં આવેલ અથવા વધારાની માંગેલી કિંમત અથવા ચૂકવણું જાળવણી અથવા સંપૂર્ણ આધારિત અથવા વિશાળ રીતે વિના મૂલ્યે અર્પણ કરવુ અથવા ફાળો, અને રાજ્યની દખલગીરી અથવા અંકુશમુક્ત

## 6.8 સંદર્ભો અને વિશેષવાચન (REFERENCES AND FARTHER READING)

Babu, A & Sastry, P.S. (1994). Networking and Resource-sharing in Public Libraries. In New Horizons in Library and Information Science. V. Venkatappaiah Festschrift edited by C.P.Vashisth et al. Madras: T.R. Publications, pp. 533-37.

Greenpaper. Financing of Public Library Service: Four Subjects for Debate (1988). London: HMSO.

India. Ministry of Education & Youth Affairs. Advisory Committee for Libraries (Chairman: K P Sinha) (1960). New Delhi: Ministry.

India. Ministry of H.R.D. Committee on National Policy on Library & Information System (Chairman: D P Chattopadhyaya) (1986). New Delhi: Department of Culture.

India. Planning Commission. Sub-group on Public Library System of the Working Group on 'Libraries & Informatics' for Formulation of 8th Five Year Plan, 1990-95. (Kalia,D.R)( 1988). New Delhi: Planning Commission.

Kalia, D.R. (1998). A Review of Public Library System in India. CLIS Observer, 15 (1-2), 46-51.

Naidu, N.G (1990). Public Library Finances. New Delhi: Ess Ess. Publishers.

Rath, P. (1996). Public Library Finance. Delhi-.Pratibha Prakashan.

Thomas, V.K. (1997). Public Libraries in India : Development and Finance., New Delhi: Vikas. Chapters 2-4.

Venkatappaiah, V. (1990). Indian Library Legislation. Delhi: Daya. Publications Vols. 1 & 2.

# પરિશિષ્ટ—અ

## નાણાં ક્યાથી-સાર્વજનિક ગ્રંથાલયની વાર્તા

ચૈતન્ય ગ્રંથાલય, મધ્યસ્થ કોલકત્તાની ઉદ્યમી શેરીમાં સ્થપાયેલું છે, સરસરીતે સ્થાપેલું છે, 111 વર્ષ જૂનું ગ્રંથાલય બિનસરકારી સંગઠન દ્વારા ચલાવાય છે. (એનજીઓ) ગ્રંથાલય તેના પોતાના મકાનમાં આવેલું (આજે ઘણા ખરાબ દેખાવમાં) સંગ્રહમાં સમૃદ્ધ છે. (50,000 પુસ્તકો) અને બે ખંડ સમયના ગ્રંથપાલો (માનદ્) થી અને 2 કર્મચારી સભ્યોથી ચલાવાય છે. 24 વાચકોને એક સાથે બેસાડી શકાય છે. 500 સભ્યોમાંથી, દરરોજના સરેરાશ 50-60 ગ્રંથાલયની મુલાકાત લે છે.

1889માં જન્મેલા ગણ્યા ગાંઠ્યા નીચલા મધ્યમ વર્ગના દબાવી રાખ્યા વગરના ઉત્સાહી યુવાન માણસો, ગ્રંથાલયની પાસે શ્રેષ્ઠ વ્યક્તિત્ત્વ તેના કામ બાબત જેવા કે બુદ્ધિમાન લોકો (રવિન્દ્રનાથ ટાગોર સહિત) ધર્મપ્રસારક અને નવાબો વગેરે છે. ગ્રંથાલયનો મૂળભૂત હેતુ ફક્ત વાચન સાહિત્ય પૂરું પાડવાનો નથી. પણ સાથે પ્રવચનો, વાચન વગેરે મિત્રતા પૂર્ણ સામાજીક કે વેપારનો અરસ-પરસ વહેવાર વિકસાવવાનો છે. રાષ્ટ્રાભિમાનની તેની ચળવળની હયાતી સાથે તે તમામ ઐતિહાસિક વિકાસની અજોડ ભૂમિકા અદા કરે છે.

ગ્રંથાલય તેના આરંભથી જ દાન અને લવાજમ એ આવકના સ્રોતથી સમૃદ્ધ થયેલ છે. 1890માં પ્રથમ દાનની રકમ રૂા. 300/- આશ્રયદાતા ગંગા નારાયણ તરફથી મળી હતી. દાન રોકડ, પુસ્તકો વગેરે સ્વરૂપે મળ્યું હતું. તેણે જમીન મિલકત ખરીદીને આ સ્રોત દ્વારા પૂરતું ભંડોળ એકઠુ કર્યું હતું. પણ કમનસીબે, નાણાની અછત હોવાને કારણે 1945માં જબરદસ્તીથી વેચવું પડેલું. ગમે તેમ પણ જે બાદ ગ્રંથાલય ત્રણ મજલાનું મકાન ખરીદી શક્યું. ગ્રંથાલય કોલકતા મ્યુનિસિપલીટી તરફથી દર વર્ષે રૂા.650 ની રકમ અનુદાન મેળવવા લાગ્યું (1905થી) 1947થી તે અચાનક અટકાવી દેવામાં આવ્યું. ત્યા સુધી તેના બિન-સરકારી સત્તા મંડળો અને બુદ્ધિમાન લોકોથી સ્વતંત્રતાની શરૂઆત સાથે સરકારનો નકારાત્મકતા બદલ આભાર કે જ્યારથી ગ્રંથાલયની પ્રક્રિયા બગડી. એક અણીના સમયે તેને ફરજ પડી, ભંડોળીં ઊભું કરવા માટે તેની જગ્યામાંથી ભાગ ભાડે આપવો પડ્યો. કાર્ય કરવાની હાકલ, સમય અને ફરીથી સરકાર દ્વારા પ્રાપ્ત થતી સહાય અને સભ્યપદ ફી માંથી ગ્રંથાલયનો નિભાવ કરવો અશક્ય જણાતું હતુ

1998-99ના વર્ષમાં, ગ્રંથાલયની જુદી-જુદી આવકના સ્રોતો (રૂા. 28,582 ની રકમ) નીચે મુજબ અમલમાં છે. (કૌંસમાં આપેલ આંકડા ટકાવારીમાં છે)

- બેંકમાં ખાતાનું વ્યાજ (2.73) કાયમી અનામત ઉપર વ્યાજ (46.25)
- પ્રવેશ ફી (1.12), આજીવન સભાસદ (4.90), વાર્ષિક ફી (6.46), લવાજમ (22.78)
- નિયત સમય પછીની ફી (5.45)
- પુસ્તકો ખોવાયા બદલ નુકસાનીના (2.87)
- પ્રકાશન વેચાણના (5.41), જૂના સમાચારપત્રો વેચાણના (2.04)

કુલ મહેસૂલની અડધી (49%) વ્યાજમાંથી ઊભી કરવામાં આવે છે. બીજો નજીકનો મહેસૂલી ટુકડો મૂળભૂત રીતે સભ્યપદમાંથી (35%) કે જે લવાજમાં સબંધિત સ્રોત 23 ટકા કુલ આવકના છે. બાકીના 15.5 ટકા મહેસૂલ, સંબંધિત વળતર અવેજની રકમના 8 ટકા અને વેચાણ 7.5 ટકા.

ગ્રંથાલયની આ સ્થિતિ ઓછામાં ઓછી જરૂરિયાતને પહોંચી વળવા માસિક આવક રૂ. 2,400 (1998-99) હાસ્યાસ્પદ નીચી છે.

સ્વૈચ્છિક સંસ્થાનું ગ્રંથાલય હોવાથી, સરકારનું નિયમિત અનુદાન નિયમાનુસાર છે. આપવામાં આવેલ પરિસ્થિતિ મુજબ, દરરોજના ખર્ચ સિવાય બીજા કોઈ માટે (જેવા કે મિલકત વિસ્તારવા) ગ્રંથાલયે વધુ ઓછી રકમ માટે બહાર નજર કરવી પડે છે. ગ્રંથાલયે તાત્કાલિક અરજી (1999-2000માં) રૂા. 7.79 લાખ જેટલા અનુદાન માટે પશ્ચિમ બંગાળ સરકારને અને રૂા. 45,000 રાજારામ મોહાનરાય લાયબ્રેરી ફાઉન્ડેશન, કોલકાત્તાને કરવાની છે.

સત્ય એ છે કે તેને પોતાનું મકાન હોય તો ગ્રંથાલયો લાંબો સમય ન ગણકારે તો બચી શકાય ? મનમાં ચિત્ર ઉભુ કર્યું છે. તેવી, તેઓ હંમેશા સારી સેવા પૂરી પાડવા સક્ષમ હોત જો અનુદાન માટે અરજી કરવામાં પ્રત્યક્ષ નિષ્ફળ જાય તોડી ત્યાં પહોંચવાનો શક્ય કોઈ રસ્તો છે, ખાસ કરીને કોલકાત્તા જેવા વિશાળ શહેરમાં હજુ પણ સ્થિર શ્રેષ્ઠ આવક નિર્માણ કરવાની શોધ છે.

# પરિશિષ્ટ–બ

## મહારાષ્ટ્ર ગ્રંથાલય ધારો : નોંધાયેલ ગ્રંથાલયોને અનુદાન સહાય

જ્યારે મહારાષ્ટ્ર સરકારના પોતાના અને ચલાવાતા ફક્ત 14 સાર્વજનિક ગ્રંથાલયો છે, બાકીના 5,597 સાર્વજનિક ગ્રંથાલયો મહારાષ્ટ્ર રાજ્યમાં વ્યક્તિગત/ સામાજીક કાર્યકર/ સ્વૈચ્છિક સંસ્થાઓ (એનજીઓ) ના માન્યતા પ્રાપ્ત અને રાજ્યમાં ગ્રંથાલય સેવા પૂરી પાડવા પ્રોત્સાહીત કરવા સ્થપાપેલા છે, જેની મૂળભૂત રીતે સરકારની જવાબદારી છે. આ માન્યતા પ્રાપ્ત ગ્રંથોલયોને મહારાષ્ટ્ર સાર્વજનિક ગ્રંથાલય કાયદાએ જુદા જુદા પ્રકારના અનુદાનની જોગવાઈ પૂરી પાડી છે. (ભંડોળની ઉપસ્થિતિ ને પાત્ર.) વાર્ષિક મરામતી અનુદાન એક એવું છે. મરામત અનુદાનની રકમ હયાત શ્રેણીમાં કહીને રાખવામાં આવ્યા હોય તે અનુદાનને પાત્ર છે. શ્રેણીકૃત ચોક્કસ માનદંડના પાયા ઉપર છે. (ઓછામાં ઓછી જરૂરિયાત) તેના સંગ્રહની અવધિમાં (પુસ્તકો, સામયિકો, સમાચાર પત્રો) સભ્યપદ અને કામના કલાકોમાં મરામત અનુદાનનો ભાવ દરેક શ્રેણીના ગ્રંથાલયોનો હિસાબના 90 ટકા તેના મંજુર કરી શકાય. તેવા ખર્ચના અગાઉના વર્ષની ચરમસીમા એ પાત્ર રહીને આવી ચરમ સીમા વધુમાં વધુ રકમ દરેક શ્રેણીના કિસ્સાના ગ્રંથાલયોને લાગુ પડે છે. તે ચાલુ 1999-2000માં નીચે મુજબ આપવામાં આવી છે.

| શ્રેણી/ગ્રંથાલયનો વર્ગ | વધુમા વધુ મંજૂરી કરી શકાય તેટલા |
|---|---|
| જીલ્લા ગ્રંથાલય | |
| દરજ્જો એ | 2,40,000 |
| દરજ્જો બી | 1,28,000 |
| તાલુકા ગ્રંથાલય | |
| દરજ્જો એ | 1,28,000 |
| દરજ્જો બી | 96,000 |
| દરજ્જો સી | 48,000 |
| અન્ય ગ્રંથાલયો | |
| દરજ્જો એ | 96,000 |
| દરજ્જો બી | 64,000 |
| દરજ્જો સી | 2,000 |
| દરજ્જો ડી | 10,000 |
| ફરતુ ગ્રંથાલય | |
| મુખ્ય | 32,000 |
| શાખા | 8,000 |

વધારામાં માન્યતા પ્રાપ્ત ગ્રંથાલયો મેળવવા માન્ય છે :

(એ) મકાન અનુદાન અંદાજીત કિંમતના 50-65 ટકા (ટકાવારી નક્કી થાય છે. લોકસંખ્યાના સેવાનાા પરિમાણમાં) ચરમસીમાને પાત્ર આ મર્યાદામાં 24,000-75,000 સુધી

(બી) સાધનોનું અનુદાન 50 : 50 માન્યતા પ્રાપ્ત પ્રમાણ

(સી) હેતુ પ્રેરક અનુદાન (i) વધારાના સભ્યોને દાખલ કરવા (ii) પુસ્તકો ખરીદવા.

(ડી) વિશિષ્ટ હેતુનું અનુદાન (રૂા. 10,000 થી વધારે નહીં) પુસ્તકો ખરીદવા માટે વિશિષ્ટ પ્રસંગ માટે, સમારંભ સેવા માટે, વિશિષ્ટ વિભાગની રચના માટે

(ઈ) ગ્રંથાલયની માન્યતાના પ્રથમ વર્ષે અનુદાન વધુમાં વધુ રૂા. 500.